Chap-7

## પ્રકરણ : ૭

## ઉપસંહાર

---

વા.મો.શાહના સમગ્ર જીવનના અવલોકનમાંથી એક વાત ફલિત થાય છે કે તેઓ તેમના પુરોગામી, સમકાલીન અને અનુગામી લેખકો કરતાં કંઇક જુદું જ વ્યક્તિત્વ ધરાવે છે. એમનાં લખાણો કેવળ પરંપરાગત ઢાંચામાં ગોઠવાઇ શકે તેમ નથી પરંતુ એમાં કંઇક વિશિષ્ટતા દૃષ્ટિએ પડે છે. તેમનું આંતરિક ખમીર અને વાણીસામર્થ્ય સૌથી પ્રથમ આકર્ષે છે. ફક્ત વીસ વર્ષની ઉંમરે પત્રકારજીવન અંગીકાર કરનાર વા.મો.શાહને સાહિત્યસર્જનના ક્ષેત્રે ધીમે ધીમે સિદ્ધિ વરી હતી. પત્રકારનો સંબંધ પ્રધાનતયા સાંપ્રત સાથે હોય છે જયારે સાહિત્યકારનો સંબંધ સનાતન સાથે હોય છે. વાડીલાલના પત્રકાર-ત્વમાં સાંપ્રતતા સાથે સનાતનતાનાં દર્શન થાય છે. તેઓ પાત્ર પત્રકાર નથી. અસત્ય અને અન્યાય સામે પ્રતિકાર કરવાની તાકાત એમનાં લખાણોને પ્રાણવાન બનાવે છે, માટે જ તે લખાણો અલ્પજીવી નથી.

તત્કાલીન સમાજમાં પ્રવર્તી રહેલા દૂષણોને ટાળવાની એમણે ઝુંબેશ ઉઠાવી તે, સંકુચિત માનસ ધરાવતી, "પ્રેરિત ગતિ"ને આધારે ચાલતી, જનતાને ન ગમે એ તદ્દન સ્વાભાવિક છે. વા.મો. શાહનું જીવનકાર્ય વિશેષત: "સત્ય" ને બહાર લાવવાનું અને અસત્ય તથા અન્યાયને પડકારવાનું હતું. જીવનવિકાસનાં અવરોધક

પરિબળોનો નિર્ભયતાથી સામનો કરવા ઉપરાંત અંધશ્રધ્ધાળુ જનતા પર વર્ચસ્વ જમાવી બેઠેલી સાધુસંસ્થાઓને ઉઘાડી પાડી, જનતાને જાગૃત કરી નવો વિકાસપંથ ચીંધવાનું હતું. એમનું પૃથક્કરણશીલ, વિચારશીલ માનસ કોઇપણ પ્રસંગ કે કાર્યના ઊંડાણમાં ઊતરી સત્ય હકીકતથી વાકેફ થયા બાદ જ, પગલું ભરવા ઉત્સુક થતું. અંધશ્રધ્ધાળુ જૈનસમાજ અને સાધુઓનો ખોફ એમણે સ્વેચ્છાએ વહોરી લીધો હતો, તેથી મિત્રો કરતાં એમના દુશ્મનોની સંખ્યા જ મોટી હતી.

આ શોધપ્રબંધના પ્રકરણમાં આલેખાયા મુજબ સાહિત્યક્ષેત્રે પોતાનું પ્રદાન નોંધાવવાના ઉદ્દેશથી વા.મો.શાહે કંઇ લખ્યું નથી. તેઓ કદી 'Art for Art's sake' ના પુરસ્કર્તા રહયા નથી પરંતુ "જીવન ખાતર કલા"– 'Art for Life's sake' ના જ ઉપાસક રહયા છે. સમગ્ર માનવજીવનને લક્ષ્યસ્થાને રાખી એમણે અનેકવિધ વિષયોને સ્પર્શ્યા છે. શ્રી મધુસૂદન પારેખે કહયું છે કે "સાહિત્યકાર શબ્દનો બંદો છે અને પત્રકાર શબ્દનો સોદાગર છે."[1] જિંદગીભર મુખ્યત્વે પત્રકાર અને સુધારક રહયા છતાં વા.મો.શાહ "શબ્દના બંદા" રહયા છે આ જ એમની વિશિષ્ટતા છે. શબ્દશક્તિવાળો એમનો વાક્પ્રવાહ અવિરત વહયા કરે છે.

શૈલી એટલે અભિવ્યક્તિની વૈયક્તિક વિશિષ્ટતા. શૈલીમાં લેખકના ભાષાપ્રયોગની વિલક્ષણતાઓ અને વિચિત્રતાઓ આકાર પામતી હોય છે. વાડીલાલની તીખી તમતમતી, સોંસરું વીંધી નાખે એવી પુણ્યપ્રકોપી વાણી અને લેખનશૈલી એમની વિશિષ્ટતા છે.

---

૧. શ્રી ચિમનલાલ ત્રિવેદી અને જયંત કોઠારી સંપાદિત: "સંદર્ભ" : સને ૧૯૭૫ : પ્રથમ આવૃત્તિ : પૃ–૧૬

પત્રકાર અને સર્જકની શૈલીમાં ઘણો તફાવત હોય છે. સામયિકપત્રોમાં લખનારને તો સમયમર્યાદામાં રહીને લખવાનું હોવાથી તે ઉચ્ચકક્ષાનું સર્જન કરી શકતો નથી એ હકીકત છે પરંતુ પ્રતિભાસંપન્ન પત્રકાર, સર્જકની કક્ષાએ જરૂર પહોંચી શકે છે. "જૈનહિતેચ્છુ"નાં કેટલીક લખાણો ઉપરાંત "મસ્તવિલાસ" "જૈનદીક્ષા" અને "મહાવીર કહેતા હતા" જેવા ગ્રંથોમાં વા.મો.શાહની સર્જકપ્રતિભાનાં દર્શન થાય છે. તત્ત્વજ્ઞાનને માનવજીવનનાં મૂલ્યો સાથે ઓતપ્રોત બનાવી એકરૂપતાથી આલેખન કરવાની એમની રીત સિધ્ધહસ્ત લેખકની યાદ આપે છે. એમની શૈલી પાંડિત્યસભર અને આલંકારિક નથી છતાં ઓજસવંતી છે.

પત્રકારની નિયમિતતાને પાછળનાં વર્ષોમાં એમણે નેવે મૂકી દીધી હતી. અંકનાં લખાણોથી જ્યાં સુધી એમને સંતોષ થાય નહિ ત્યાં સુધી તેઓ અંક બહાર પાડતા નહિ. સમયની મર્યાદા તેઓ સ્વીકારતા નહિ. અંકમાં છાપવામાં આવતાં લખાણોની ગુણવત્તાને તેઓ વધુ મહત્ત્વ આપતા. સઘળાં લખાણો પોતે જ લખવાના આગ્રહી હોવાથી જીવનના અને સાહિત્યના દરેકે દરેક ક્ષેત્રને તેઓ સ્પર્શી ચૂકયા હતા. વિવેચનના ક્ષેત્રમાં એમનો ફાળો મર્યાદિત છતાં નોંધપાત્ર છે.

આદર્શવાદી વા.મો.શાહના વિચારો તત્કાલીન સમાજના બુધ્ધિજીવી વર્ગને અપનાવવા યોગ્ય લાગતા પરંતુ એમની અતિશય કટુ અને ઉગ્ર વાણી તથા લેખિનીએ એમને અપ્રિય બનાવ્યા. એમના આકરા વાક્પ્રહારો જીરવવાનું તત્કાલીન સમાજ માટે મુશ્કેલ હતું. હિન્દીમાં ઉક્તિ છે કે – 'सत्य प्रिय हितकर बोलो।'

વાડીલાલ સત્ય અને હિતકર તો જરૂર કહેતા પણ પ્રિય લાગે એવું બોલી શકતા નહિ. એ એમના સ્વભાવમાં જ નહોતું. તેઓ મધ્યકાલીન કવિ અખાની માફક એમ માનતા કે જડ જનતાને ચાબખા માર્યા વગર સુધારી શકાશે નહિ, પરંતુ એમની ધારણા ખોટી પડી. તત્કાલીન જૈન સમાજ સુધર્યો તો નહિ પણ એમને જીવનભર પોતે જ ઊભાં કરેલાં દુ:ખોનો સામનો કરવો પડયો. એમણે જો નમ્રતાથી સૂચનો કરવાનું વિચાર્યું હોત તો કદાચ સમાજે એમને અપનાવ્યા પણ હોત. આ વાતની પ્રતીતિ વા.મો.શાહને પોતાને એમની ઉત્તરાવસ્થામાં થઇ હતી. તેમણે કહ્યું છે કે –

" વાડીલાલ તે વખતે "ખોટો" નહોતો, પણ "ઘણો વહેલો" હતો : કાં તો વાડીલાલને લાયક સમાજ નહોતો અગર તો સમાજને લાયક વાડીલાલ નહોતો."[૨]

વા.મો.શાહના "જૈન" શબ્દના આગ્રહે સમાજમાં ગેરસમજ ઊભી કરી હતી. "જૈનહિતેચ્છુ","જૈનસમાચાર","જૈનદીક્ષા" વગેરે શીર્ષકો જોઇ જૈનેતર સમાજ તેને વાંચવાનું ટાળતો અને જૈનસમાજ તો એમની વિરુધ્ધ હતો જ, તેથી તત્કાલીન હિંદુસમાજે એમનાં લખાણોને યોગ્ય ન્યાય આપ્યો નહોતો. વાડીલાલ આ વાતથી સંપૂર્ણપણે વાકેફ હતા છતાં એમના "જૈન" ના ઉચ્ચ આદર્શને છોડવા તૈયાર નહોતા. એમનો એ જીદ્દી સ્વભાવ પણ એમની અપ્રિયતાનું કારણ બન્યો હતો.

---

૨. "જૈ.હિ." : ૧૯૧૬ : પૃ.૨૨૦

ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન નોંધાવતા, વિસરાઇ ચૂકેલા વા. મો. શાહને પ્રકાશમાં લાવવા શ્રી ત્રિભુવન વી. હેમાણીએ ઘણા પ્રયાસો કર્યા છે. પ્રસ્તુત મહાનિબંધ વા. મો. શાહના સમગ્ર જીવન, સાહિત્યને મૂલવવાનો પ્રથમ પ્રયત્ન છે. એમના ક્ષર તેમજ અક્ષર દેહની આલોચના આ શોધપ્રબંધનાં પ્રકરણોમાં કરી છે. અહીં એમનું એક જીવનસૂત્ર ટાંકી આ મહાનિબંધ સંપૂર્ણ કરીએ.

" "જીવવું" એ "કીડા" નું લક્ષ્ય છે;
"જીતવું" એ "જૈન" નું લક્ષ્ય છે."

## પ રિ શિ ષ્ટ : ૧ :

સ્વ. શ્રી મોતીલાલ શાહના દેહ વિલય સમયે આપવામા આવેલી કેટલીક અંજલિ નીચે પ્રમાણે છે.

૧. **સ્થા.જૈન સંઘના કીમતી મોતીનો લય:**

કથન સુણતાં કલેષકર, હૃદય થયું બેહાલ;
ક્રૂર કાળની ઝપટમાં, આવ્યો મોતીલાલ.

મનહર

આહા ! નર રતનનું પતન સુણીને કર્ણ
દીલે દુઃખભરી દિલગીરી ઉભરાય છે;
ગયો અદ્‌ભુત કૃત્ય કરનારો વીર-સૂત,
હરાયો હીરો અમારો, જીવ અકળાય છે;
અતિ ઉપકારી, હિતકારી, ચિત્તહારી જતાં,
મહા શોકસાગરમાં મનડું મુંઝાય છે;
અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી !
હા, હા ! ઝગમગ મોતી - જ્યોતિ ઓલવાઇ છે.
પરાક્રમી પુત્ર ને પવિત્ર પર સૂત્ર, મિત્ર,
પર્મ ગર્ભશ્રીમંતાઇ, પુન્યની કમાઇ છે;
સુંદર સ્વભાવ સાથે, પુરણ પ્રભાવ વળી,
દિલ દરિયાવ જેની ઉંચી અમીરાઇ છે;
સતત પ્રયાસશીલ, વિદ્યાનો વિલાસી ધીર,
પ્રસન્ન વદનચંદ્રે, ગાઢી ગભીરાઇ છે;

અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી,
હા, હા, ! ઝગમગ મોતી – જ્યોતિ ઓલવાઇ છે.
હતા ભરનિંદ ને અઘોર અંધકાર માંહી,
ત્યારે "જૈનહિતેચ્છુ"ની પ્રભા પથરાઇ છે;
બ્યૂગલ વજાવીને ગજાવી દેશ હિંમતથી,
ઉન્નતિ કરાવી કહો કેવી મરદાઇ છે !
ગુર્જરી ભાષાનો અને રચ્યો માગધીનો કોષ,
કર્તવ્ય પરાયણની ચારૂ ચતુરાઇ છે !
અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી,
હા, હા, ! ઝગમગ મોતી – જ્યોતિ ઓલવાઇ છે.
નીતિ–જૈનતત્ત્વ કેરા ગરવા ગૂંથેલા ગ્રંથ
જોઇ મોતી–કાવ્ય કહું અચ્છો કવિરાજ છે;
શાસન રસિકસૂત્ર તણાં કીધ ભાષાન્તર,
સાક્ષરોમાં યશોગાન ગુણીનાં ગવાય છે;
વ્યવહારકુશળ ભવ્ય સમાજભૂષણ ભાઇ
એવા ગુણી કેરા ગુણ ગણ્યા શું ગણાય છે ?
અરે અફસોસ ઉરે આજ છે અધિક યોગી,
હા, હા, ! ઝગમગ મોતી – જ્યોતિ ઓલવાઇ છે.
ખરે છે આ શોક સ્વાર્થ થકી જન સંબંધીનો,
કહો ઋણ ચૂકવવા આજ કોણ ધાય છે ?
કરીને "સ્મારક ફંડ", કેરો ચીરસ્થાયી નામ
કૃતજ્ઞપણાનો હા, હા, એ જ સુ–ઉપાય છે;

"આત્મશાન્તિ પામો !" એવી ભાવના કરોને વળી,
"ચીરસ્થાયી રહો એના કામ જે સોહાય છે !"
અરે અફસોસ ઉરે આજ છે બાવાને પૂરો,
હા, હા, ! ઝગમગ મોતી – જ્યોતિ ઓલવાઇ છે.

——— બાવાભાઇ મકનજી ગોડા
:ગોંડળ :

———— ————

૨. <u>નવા દેવતાને નવી અરજ</u> :

મનહર

હાય અફસોસ, જૈનતણો અતિ ધીરો,
તજી સંઘ, તજી કાર્ય, સ્વર્ગમા સીધાવ્યો છે;
શોકના સાગરમાંહી, ડૂબ્યા છે તમામ જૈન,
કામનો હતો જે આંહી દેવતાને ભાવ્યો છે.
સાહિત્યે, છાપાએ પહેલો, પહેલો પર ઉપકારે,
તારીખ પહેલીએ માસ અગસ્ટે સીધાવ્યો છે;
જ્ઞાન ધ્યાન ઉન્નતિનો લગાડી બધાને સ્વાદ,
તાલી આપી, સુવર્ણની ભૂમિકાએ ધાયો છે.

. . . . . . . . . . . . . . . . .

અહીં તે ન ઇચ્છયું માન, રાખ્યું સેવાતણું ભાન;
સ્વારથીથી "સ્મારક" સરખુ નવ થાવું છે !
તથાપિ છે તારો ધર્મ, મૂગામૂંગા કરી કર્મ
આકાશે રહીને અહીં સેવા કર્યે જાવું છે.

————વછરાજ પોપટભાઇ દલાલ
:મેહનુબારા :